# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૯/૪૩૩૪૮ તા.૦૫/૦૯/૨૦૧૯

**પરિપત્ર-૯૪૧**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કૉલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે, તેમની કૉલેજ/માન્ય અનુસ્નાતક કેન્દ્રમાં સેમેસ્ટર-૧, ૩ અને ૫ માં સીધો પ્રવેશ મેળવેલ વિધાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ નીચે દર્શાવેલ સમયપત્રક અનુસાર ઓનલાઈન ભરવાના રહેશે.

| વિગત | રેગ્યુલર ફી સાથે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ | દંડાત્મક ફી સાથે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| સ્નાતક કક્ષાના સેમેસ્ટર-૧/૩/૫ ના એનરોલમેન્ટ/ રજીસ્ટ્રેશન બાબત | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- સાથે તા.૦૯/૦૯/૨૦૧૯ થી તા.૨૭/૦૯/૨૦૧૯ સુધી | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ = ૩૦૦/- તા.૨૮/૦૯/૨૦૧૯ થી તા.૦૧/૧૦/૨૦૧૯ | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ + દંડાત્મક ફી રૂ. ૫૦૦ = ૮૦૦/- તા.૦૩/૧૦/૨૦૧૯ થી તા.૦૪/૧૦/૨૦૧૯ |
| અનુસ્નાતક કક્ષાના સેમેસ્ટર-૧ અને ૩ રજીસ્ટ્રેશન બાબત | ફોર્મ ફી + રજીસ્ટ્રેશન ફી રૂ. ૫૦૦/- સાથે તા.૦૯/૦૯/૨૦૧૯ થી તા.૨૭/૦૯/૨૦૧૯ સુધી | ફોર્મ ફી + રજીસ્ટ્રેશન ફી રૂ. ૫૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ = ૭૦૦/- તા.૨૮/૦૯/૨૦૧૯ થી તા.૦૧/૧૦/૨૦૧૯ | ફોર્મ ફી + રજીસ્ટ્રેશન ફી રૂ. ૫૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ + દંડાત્મક ફી રૂ. ૫૦૦ = ૧૧૦૦/- તા.૨૮/૦૯/૨૦૧૯ થી તા.૦૧/૧૦/૨૦૧૯ |

નોંધ : - ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખના બીજા દિવસે ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટ અને ફી ભર્યાની વિગત ઈ-મેઈલ આઈ.ડી. webmaster@sggu.ac.in પર મોકલી આપવી જેથી સત્વરે એક્ઝામ ફોર્મ જનરેટ થઈ શકે. (દા.ત. ૨૮/૦૯/૨૦૧૯ ના રોજ)
- તમામ કૉલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓએ વિદ્યાર્થીઓ પાસેથી ભરાવેલા એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મનું ચેકલીસ્ટ (એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મની હાર્ડકોપી જમા કરાવવાની નથી), જરૂરી બિડાણ અને નિયત ફી સાથે યુનિવર્સિટી કાર્યાલયમાં આ સાથે સામેલ સુચના અનુસાર પરીક્ષા ફોર્મ સાથે રૂબરૂમાં જમા કરાવવાના રહેશે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ : એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન કમ એક્ઝામ ફોર્મ ભરવા માટેની જરૂરી સૂચનાઓ.

પ્રતિ,
- આ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન અને કાયદા વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કૉલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

## સેમેસ્ટર-૧, સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૫ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સંબંધિત જરૂરી સૂચનાઓ

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કૉલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટી કાર્યાલય જમા કરાવવા માટેની નીચેની સૂચનાઓનું પાલન કરવા વિનંતી છે.

1. કોલેજ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ અંગેનો પરિપત્ર ડાઉનલોડ કરી લેવો.
2. આ યુનિવર્સિટીમાં સીધો પ્રવેશ મેળવનાર વિધાર્થીઓએ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
3. સંબંધિત કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરી, વેરીફાઈ અને સેવ કરવાનું રહેશે.
4. સંબંધિત કોલેજ/માન્ય પી.જી. કેન્દ્ર દ્વારા એનરોલ્મેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સેવ કર્યા બાદ એનરોલમેન્ટ સ્લીપ જનરેટ કરવાની રહેશે. આ સ્લીપમાં ફીની વિગતો આવશે જે અનુસાર ફી ભરવાની રહેશે.
5. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ અને સેવ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે અથવા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામિનેશન, ગોધરાના એક્સીસ બેંકના ખાતા નં.918010086166147 (IFSC CODE: UTIB0000264 MICR: 389211002) માં NEFT/RTGS થી ભરવાની રહેશે.
6. ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખના બીજા દિવસે ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટ અને ફી ભર્યાની વિગત ઈ-મેઈલ આઈ.ડી. webmaster@sggu.ac.in પર મોકલી આપવી જેથી સત્વરે એક્ઝામ ફોર્મ જનરેટ થઈ શકે. (દા.ત. ૨૭/૯/૨૦૧૯ નિયમિત ફી સાથે ફોર્મ ભરવાની અંતિમ તારીખ હોય તા.૨૮/૯/૨૦૧૯ ના રોજ ઈ-મેઈલ કરવો)
7. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મની ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ અને આચાર્યશ્રીના સહી અને સિક્કા સાથેનો ચેકલીસ્ટ રીપોર્ટ પરીક્ષા આવેદનપત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં જમા કરાવવાના રહેશે.
8. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ વેરીફાઈ કરતા પહેલા તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ.
9. અધુરી કે ખોટી વિગતોવાળા આવેલ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.
10. વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ જમા કરાવતા અગાઉ પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપના સ્તરે કરી લેવાની રહેશે. તેમાં કોઈ ક્ષતિ જણાય તો તેની સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.
11. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં ઓનલાઈન ભરેલી વિગતોની ચકાસણી કૉલેજ કક્ષાએથી કાળજીપૂર્વક કરવાનું રાખવું. વિદ્યાર્થીઓનું નામ, બેઠક નંબર, વર્ષ અને પરિણામ ખુબ ચોકસાઈ પૂર્વક ચેક કરવા.
12. ગુજરાત બોર્ડ સિવાયના અન્ય બોર્ડ/શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર સિવાયની કોલેજો/અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પાસેથી પ્રોવિઝનલ એડમીશન એલીજીબીલીટી સર્ટીફીકેટ/ફાઈનલ એડમીશન એલીજીબીલીટી સર્ટીફીકેટ મેળવી લેવું P.A.E.C./F.A.E.C. નંબરની વિગતો ધ્યાનપૂર્વક એન્ટ્રી કરવી. જો તે પ્રમાણે કાર્યવાહી નહિ કરવામાં આવે તેનું ફોર્મ રદબાતલ થશે તથા તે અંગે સંપૂર્ણ અબાધિત અધિકાર યુનિવર્સિટીનો રહેશે.

Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

13. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા અંગેની ખાસ સૂચના :

a) વિદ્યાર્થીઓનો ફોટોગ્રાફ અને સહી જણાવ્યા પ્રમાણે ખાનામાં સમાય તે રીતે સ્કેન કરીને અપલોડ કરવા, તે જ ફોટો વિધાર્થીની હોલટીકીટ અને માર્કશીટમાં આવશે અને તેની જાણ વિધાર્થીને કરવી. તેમજ ફોર્મ ઉપર ફોટોગ્રાફ ચોટાડવા નહિ અને સહી કરાવવી નહી.

b) એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મના દરેક ખાનામાં CAPITAL LETTER થી જ એન્ટ્રી કરવી.

c) વિધાર્થીઓના મોબાઈલ નંબર, આધારકાર્ડ, જન્મ તારીખ, પીનકોડ, બેંક એકાઉન્ટ નંબર વિગેરે જેવી આંકડાકીય માહિતી ખાસ ધ્યાન રાખીને એન્ટ્રી કરવી. (આંકડામાં ભૂલ ન થાય તે રીતે) કારણકે તે મોબાઈલ નંબરમાં વિધાર્થીઓને જરૂરી માહિતી સમયાંતરે મોકલવામાં આવશે.

d) એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં વિદ્યાર્થીઓના વિષયની એન્ટ્રી ખાસ કાળજી રાખવી. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં જે વિષય દર્શાવેલ હશે તે જ વિષય એક્ઝામ ફોર્મ, હોલ ટીકીટ અને માર્કશીટમાં આવશે જેની ખાસ નોંધ લેવી. કૉલેજ દ્વારા યુનિવર્સિટીમાં જમા કરાવેલ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં વિદ્યાર્થીએ લખેલ અને કોલેજે ખરાઈ કરેલ વિષય બદલવા માટે વિષય દીઠ રૂ. ૨૦૦૦/- ની ફી ભરવાની રહેશે તેમજ વિષય બદલવા માટે યુનિવર્સિટી દ્વારા જે નિર્ણય લેવાય તે અંતિમ રહેશે.

e) એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: હ-૨/સ્કો/૨૦૧૫/૪૪ થી ૬૧૯ તા.૧૦/૦૮/૨૦૧૫ મુજબ દરેક વિધાર્થીઓના આધાર નંબરની વિગત નિયત કોલમમાં અચૂક લખાવવાની રહેશે.

14. ઈન્ટેક કેપેસીટી હોઈ તેટલા જ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરાવવાની જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રીની રહેશે.

15. કોલેજે વિધાર્થીઓના નામ અને વિષયવાળું એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મનું ચેક લીસ્ટ નોટીસ બોર્ડ પર મુકવાનું રહેશે. તે અંગે ખરાઈ અર્થે વિધાર્થીની સહી પણ લેવાની રહેશે. જેનું કોલેજો એ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

16. આચાર્ય મંડળ, અધ્યાપક મંડળ અને વહીવટી કર્મચારી મંડળ સાથે નિયત થયા અનુસાર યુનિવર્સિટી દ્વારા દરેક કોલેજ/માન્ય પી.જી. કેન્દ્રને એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ દીઠ વહીવટી ખર્ચ ચુકવવામાં આવશે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,

- આ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન અને કાયદા વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કૉલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.